અમેરિકામાં મિડટર્મ ચૂંટણી માટે મતદાન શરૂ

મિડટર્મ ચૂંટણીમાં ભારે મતદાન, 5.76 કરોડથી વધુ અર્લી વોટ પડ્યા

ટ્રમ્પના બીજા કાર્યકાળની અગ્નિપરીક્ષા

ન્યૂયોર્કમાં મશીનો ખોટકાયા અને ફ્લોરિડામાં પૂર વચ્ચે મતદાન

36 રાજ્યોમાં ગવર્નર માટે પણ ચૂંટણીઓ



અનિલ મેનન અને અન્ય એસ્ટ્રોનટ્સે અવકાશમાંથી મતદાન કર્યું

પૃથ્વીથી 400 કિમી ઉપર ભ્રમણ કરી રહેલી ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર હાજર નાસાના 3 અવકાશયાત્રીઓએ મિડટર્મ ચૂંટણીમાં પોતાનો મત અધિકારનો ઉપયોગ કર્યો હતો. ભારતીય મૂળના એસ્ટ્રોનટ અનિલ મેનન, લૂક ડેલેની અને જેસિકા વોટકીન્સે સ્પેસ સ્ટેશન પરથી જ ઇલેક્ટ્રોનિક બેલટ ભરીને સુરક્ષિત રીતે ચૂંટણી અધિકારીઓને મોકલી આપ્યા હતા. અવકાશમાં બનેલા આ અસ્થાયી પોલિંગ બૂથ પરથી ડેટા નાસાના નિયર સ્પેસ નેટવર્ક દ્વારા એન્ક્રિપ્ટ કરીને સુરક્ષિત મોકલવામાં આવ્યો હતો.

વોશિંગ્ટન, તા. 3 (એપી): અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળની અગ્નિપરિક્ષા સમાન મિડટર્મ ચૂંટણી માટે ભારતીય સમયાનુસાર મંગળવારે સાંજે 4:30 વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું હતું, જે બુધવારે સવારે 11:30 વાગ્યા સુધી ચાલશે.

મોંઘવારી, ઊંચા ભાવ અને ઈરાન સાથેના અલોકપ્રિય યુદ્ધથી પરેશાન મતદારો વોટિંગ દ્વારા વોશિંગ્ટનની સત્તાના સમીકરણો નક્કી કરી રહ્યા છે. મતદાન શરૂ થતાની સાથે જ કેટલીક તકનીકી અને કુદરતી અડચણો પણ સામે આવી હતી; જેમ કે, ન્યૂયોર્કના વેસ્ટચેસ્ટર જિલ્લામાં કેટલીક વોટિંગ મશીનો બેલટ સ્કેન કરવામાં નિષ્ફળ રહી હતી, જ્યારે ફ્લોરિડામાં પૂરની સ્થિતિના કારણે મતદાન શરૂ થવાના અંદાજે 45 મિનિટ પહેલા જ 21 મતદાન કેન્દ્રોની જગ્યા બદલવી પડી હતી.

આ ચૂંટણીમાં અત્યાર સુધીનો સૌથી મોટો ખર્ચ થઈ રહ્યો છે. મતદાન શરૂ થાય તે પહેલા જ અંદાજે 5.76 કરોડ લોકો (ફ્લોરિડા યુનિવર્સિટીના આંકડા મુજબ) 'અર્લી વોટિંગ' દ્વારા પોતાના મત આપી ચૂક્યા છે, જે ગત 2022ના મિડટર્મ ચૂંટણીના 4.59 કરોડના આંકડાને પાર કરી ચૂક્યું છે. ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા માટે ન્યાય વિભાગે તમામ 50 રાજ્યોમાં 1,000 ચૂંટણી નિરીક્ષક તૈનાત કર્યા છે, જે 126 ચૂંટણી ક્ષેત્રોમાં ડર કે પક્ષપાત વગર મતદાન થાય તે સુનિશ્ચિત કરી રહ્યા છે.

ઉપરાંત વોશિંગ્ટનની બહાર 36 રાજ્યોમાં ગવર્નર પદની ચૂંટણીઓ પણ થઈ રહી છે.

આ ચૂંટણીમાં ભારતીય મૂળના 'સમોસા કોકસ' ના સભ્યો (અમી બેરા, રો ખન્ના, પ્રમિલા જયપાલ વગેરે) પણ મેદાનમાં છે, જ્યારે ઓહાયોથી રિપોર્ટીકન ઉમેદવાર તરીકે વિવેક રામાસ્વામી પણ ગવર્નર રેસમાં સામેલ છે.

સંસદમાં બહુમતનું ગણિત અને મુખ્ય મુદ્દાઓ

સીનેટમાં કુલ 100માંથી બહુમતી માટે 51 બેઠકોની જરૂરત હોય છે. હાલમાં રિપબ્લિકન પાસે 53 અને ડેમોક્રેટ્સ પાસે 45 (અને 2 અપક્ષ) બેઠકો છે. આ ચૂંટણીમાં 35 બેઠકો પર મુકાબલો છે, જેમાં ડેમોક્રેટ્સને બહુમત માટે ઓછામાં ઓછી 4 બેઠકોનો ફાયદો મેળવવો પડશે.

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં કુલ 435 બેઠકોમાંથી બહુમતીનો જાદુઈ આંકડો 218 છે. આ તમામ બેઠકો પર ચૂંટણી યોજાઈ રહી છે, જ્યાં રિરબ્લિકન પોતાનું પાતળું બહુમત બચાવવા માટે લડી રહ્યા છે.

મુખ્ય ચાર ચૂંટણી મુદ્દાઓ

1. ઈરાન યુદ્ધ અને મોંઘવારી: યુદ્ધ બાદ ડિઝલ 70% અને પેટ્રોલ 50% મોંઘા થયા છે, જેના કારણે ટ્રમ્પની લોકપ્રિયતા રેટિંગ ઘટીને 31% પર આવી ગઈ છે. ઈંધણની વધતી કિંમતો સત્તાધારી રિપબ્લિકન પાર્ટી માટે મોટો પડકાર છે.

2. ઇમિગ્રેશન: ટ્રમ્પના બીજા કાર્યકાળમાં 9.8 લાખ લોકોનું ડિપોર્ટેશન અને સરહદે 95% ઘટેલી ઘૂસણખોરી ચર્ચામાં રહી છે. પણ દરોડા પાડવા અને ગુનાહિત રેકોર્ડ વગરના લોકોને પણ દેશ બહાર કરવાનો વિરોધ થઈ રહ્યો છે.

3. ટેરિફ અને નોકરીઓ: આયાત શુલ્ક વધવાથી ગાડીઓ, ઇલેક્ટ્રોનિક્સ અને કપડાંના ભાવમાં 12 ટકાથી 18 ટકાનો વધારો થયો છે. ટેરિફના કારણે અમેરિકી પરિવારોનો ખર્ચ વધ્યો છે અને બીજા દેશોએ વધારેલા ટેરિફના કારણે ખેડૂતોના વેપાર પર અસર પડી છે.

4. ગર્ભપાતનો અધિકાર: એક સર્વે મુજબ 68 ટકા મહિલા મતદારો અને 18-29 વયના વર્ગના 74 ટકા યુવાઓ માટે આ એક મોટો મુદ્દો છે. ડેમોક્રેટ્સની ઈચ્છા છે કે મહિલાઓને ગર્ભપાત કરાવવાનો કાયદાકીય અધિકાર આખા દેશમાં મળે જ્યારે રિપબ્લિકન માને છે કે દરેક રાજ્ય જાતે નક્કી કરે કે ત્યાં ગર્ભપાતની મંજૂરી હશે કે નહીં.



સાંઢ અને ગધેડા વચ્ચેનો અનોખો સજાતીય સંબંધ

ઇથોપિયામાં આ અનોખી જોડી વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેંચી ગઇ

એડિસઅબાબા, તા. 3: વૈજ્ઞાનિક નિરીક્ષકોએ ઈથોપિયાના એક પઠાર પર રહેતા આચિલે નામના એક સાંઢ અને પેટ્રોક્લો નામના એક નર ગધેડા વચ્ચે અસામાન્ય જાતીય સંબંધ શોધી કાઢ્યો છે, જેમાં આ બંને પ્રાણીઓએ આસપાસ પૂરતી માદાઓ ઉપલબ્ધ હોવા છતાં વારંવાર એકબીજાની જ પસંદગી કરી હતી.

પીસા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ ક્ષેત્રમાં અન્ય અભ્યાસ દરમિયાન આ બંને પ્રાણીઓ વચ્ચેની જાતીય ક્રિયાપ્રતિક્રિયા પ્રથમવાર જોઈ હતી. ત્યારબાદના અવલોકનો પરથી જાણવા મળ્યું કે, બંને નર પ્રાણીઓ અલગ-અલગ માલિકોના હોવા છતાં અને માત્ર ચરાણ દરમિયાન જ એકબીજાને મળતા હોવા છતાં, તેમણે વારંવાર એકબીજાને પસંદ કર્યા હતા.અભ્યાસના લેખક એલિસાબેટા પલાગીના જણાવ્યા અનુસાર, સાંઢ આચિલે અને નર ગધેડા પેટ્રોક્લો વચ્ચેની જાતીય ક્રિયાપ્રતિક્રિયાઓ કોઈ એકલ-દોકલ ઘટના નહોતી. પ્રથમ ક્રિયાપ્રતિક્રિયા દરમિયાન, ટીમે આચિલેને પેટ્રોક્લો પર ચડતો જોયો હતો.

સામાન્ય રીતે, આવી વર્તણૂકથી બીજું પ્રાણી લાત મારવાનો કે બચાવ કરવાનો પ્રયત્ન કરતું હોય છે. પરંતુ આ કેસમાં એવું નહોતું, અને પેટ્રોક્લોએ આચિલેના પ્રયાસોને ખુશીથી સ્વીકાર્યા હતા. અભ્યાસના અન્ય એક લેખકે જણાવ્યું તેઓએ વારંવાર એકબીજાની નજીક રહેવાનું પસંદ કર્યું અને જાતીય સંબંધો ઉપરાંત ઉપરાંત ચાટવું, ઘસવું અને નાક અડાડવું જેવા અનેક પ્રકારની પ્રેમ ચેષ્ટાઓ પણ તેઓ કરતા જોવા મળ્યા છે.

ઈન્ડિયા AI મિશને લોન્ચ કર્યા 3 સ્વદેશી ફાઉન્ડેશન મોડલ

ઈન્ટરનેટ વગર કામ કરતા મોડલ્સથી સરકારી અને ઔદ્યોગિક સેવાઓને મળશે નવો વેગ

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ) : ઇલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય હેઠળના ઈન્ડિયાએઆઈ મિશને મંગળવારે સોકેટ લેબ્સ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ દ્વારા વિકસાવવામાં આવેલ સ્વદેશી ફાઉન્ડેશન મોડલ એકા-1 તથા ઝેન્ટેક એઆઈટીક ઈનોવેશન્સ દ્વારા વિકસાવવામાં આવેલ ધીર 2બી અને ધીર 5બી લોન્ચ કર્યા છે, જે દેશની પોતાની એઆઈ ક્ષમતાઓ વિકસાવવાના પ્રયાસોમાં વધુ એક મહત્ત્વનું પગલું છે.

આ મોડલ્સનું અનાવરણ એક કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું જેમાં આઈટી સચિવ એસ કૃષ્ણન, મંત્રાલય અને ઈન્ડિયાએઆઈના વરિષ્ઠ અધિકારીઓ તેમ જ બંને કંપનીઓનું નેતૃત્વ ઉપસ્થિત રહ્યું હતું.

આ ત્રણેય સ્વદેશી મોડલ્સ ઈન્ડિયાએઆઈ મિશન હેઠળનું એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પગલું છે, જે સ્વદેશી એઆઈ ટેક્નોલોજીના નિર્માણમાં ભારતની પ્રગતિ દર્શાવે છે.

ધીર 2બી અને ધીર 5બી એવા મોડલ્સ છે, જે ઈન્ટરનેટ વગર કામ કરી શકે છે, જે દસ્તાવેજ-આધારિત ઓટોમેશન, માહિતી પુનઃપ્રાપ્તિ અને સંરક્ષણ, સરકારી, ઔદ્યોગિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં નાગરિક અથવા એન્ટરપ્રાઇઝ સેવાઓ પ્રદાન કરવામાં સક્ષમ છે. તે ખાસ કરીને એવાં સ્થળો પર ઉપયોગી છે જ્યાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી ઓછી છે અથવા સંવેદનશીલ ક્ષેત્ર છે. આ બંને ફર્મ ઈન્ડિયાએઆઈ ઈનોવેશન સેન્ટર (ફાઉન્ડેશન મોડલ્સ) સ્તંભ હેઠળ પસંદ કરાયેલી ટીમોમાં સામેલ છે, જેનો ઉદ્દેશ્ય સ્વદેશી એઆઈ ક્ષમતાઓ અને લાર્જ લેંગ્વેજ મોડલ્સ વિકસાવવાનો છે. સરકારે જણાવ્યું હતું કે, સબસિડીવાળા રાષ્ટ્રીય એઆઈ કમ્પ્યુટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ઍક્સેસ, તેમ જ સહાયક સંશોધન ખર્ચ માટેના ટેકાએ આ મોડલ્સના વિકાસને સક્ષમ બનાવ્યો છે.

કેન્દ્ર સરકાર વરિષ્ઠ નાગરિકોને યુવા પેઢી સાથે જોડવા માટે દેશવ્યાપી અભિયાન શરૂ કરશે

કેન્દ્ર સરકાર શરૂ કરશે 'વયો સન્માન અભિયાન'

નવી દિલ્હી, તા. 3 (PTI): સામાજિક આદર, સામાજિક સમાવેશ અને વૃદ્ધોના કલ્યાણમાં યુવાનોની સક્રિય ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરીને કેન્દ્ર સરકાર વરિષ્ઠ નાગરિકો અને યુવા પેઢીઓ વચ્ચે સતત સંવાદને પ્રોત્સાહન આપવા માટે બુધવારે એક દેશવ્યાપી અભિયાન શરૂ કરશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી વીરેન્દ્ર કુમાર રાષ્ટ્રીય રાજધાનીમાં 'અટલ વયો અભ્યુદય યોજના' (એવીવાયએવાય) હેઠળ 'વયો સન્માન રાષ્ટ્રીય અભિયાન'નો શુભારંભ કરશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ અભિયાનનો ઉદ્દેશ્ય પેઢીઓ વચ્ચે અર્થપૂર્ણ અને સતત જોડાણને સંસ્થાકીય બનાવવાનો છે, જે પરસ્પર આદર, સમજણ, સાથ અને સહિયારી જવાબદારીને પ્રોત્સાહન આપે છે. તેનો ઉદ્દેશ્ય વરિષ્ઠ નાગરિકોને સમાજમાં યોગદાન આપનાર તરીકે માન્યતા આપવાનો અને વૃદ્ધોના સન્માનજનક જીવનને સુનિશ્ચિત કરવા માટે યુવાનોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે.

આને કહેવાય બેગાની શાદી મેં......

સોશિયલ મીડિયા પર અપીલથી ચાઇનીઝ યુવકના લગ્નમાં 10,000 અજાણ્યા લોકો પહોંચ્યા





બીજિંગ, તા. 3: ચીનના યુનાન પ્રાંતના એક અંતરિયાળ ગામમાં લગ્ન યોજાવાના હોવાથી, 24 વર્ષીય વરરાજા ઝુ ચેંગહોંગને ડર હતો કે ત્યાં કોઈ મહેમાનો નહીં પહોંચશે. તેનો કોઈ ખાસ પરિવાર ન હોવાથી તેણે ચીની સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ડોઉઈન' (ચીનનું ટીકટોક) પર લોકોને લગ્નમાં હાજરી આપવા અપીલ કરી હતી. આ પોસ્ટ વાયરલ થતાં જ પર્વતમાળાથી ઘેરાયેલા ગામમાં 10,000થી વધુ અજાણ્યા લોકો વાહનો અને ટ્રેન દ્વારા પહોંચી ગયા હતા.

આ મહેમાનો ખાલી હાથે આવ્યા ન હતા, પરંતુ તેમણે પરંપરાગત લાલ કવર (રોકડ ભેટ)ને બદલે ફ્રીઝ, ઇલેક્ટ્રિક હીટર અને લગ્નની મિજબાની માટે ખાદ્ય સામગ્રી ભેટમાં આપી હતી. કેટલાક રસોઈયાઓએ ભોજન બનાવવામાં મદદ કરી તો કોઈએ મફતમાં દુલ્હનનો મેકઅપ કરી આપ્યો હતો.

એક ઓનલાઈન ઇન્ફ્લુએન્સર પોતાની સાથે 9,999 ગુલાબના ફૂલ લઈને આવ્યો હતો. નાની ઉંમરે માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ઝુ ચેંગહોંગના આ લગ્ને સાબિત કર્યું કે સોશિયલ મીડિયા દ્વારા ભાવનાઓને લોકો સુધી પહોંચાડી શકાય છે અને અજાણ્યા લોકો પણ પરિવાર બની શકે છે. સ્થાનિક મીડિયાએ આ ઘટનાને ભારે આવકારી હતી.



બીએમસીને દીયા મિર્ઝાનો વીડિયો પુનઃ અપલોડ કરવા બોમ્બે હાઈકોર્ટનો આદેશ

તુચ્છ માનસિકતાથી અમે દુઃખી: હાઈકોર્ટે કહ્યું આપણો દેશ બિનસાંપ્રદાયિક છે

પર્યાવરણ અને પ્રદૂષણ જેવા સંવેદનશીલ મુદ્દે રાજકારણ રમવા બદલ નેતાઓને સખત ફટકાર બધા નાગરિકો એક જ હવામાં શ્વાસ લે છે, આમાં ધર્મ લાવવો અયોગ્ય છે

મુખ્યમંત્રી ફડણવીસે આ સમગ્ર વિવાદને 'નાનો મુદ્દો' ગણાવ્યો



મુંબઈ, તા. 3 (પીટીઆઈ): મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)ના પ્રદૂષણમુક્ત દિવાળી અભિયાનમાંથી બોલિવૂડ અભિનેત્રી દીયા મિર્ઝાનો વીડિયો હટાવવાના મુદ્દે બોમ્બે હાઈકોર્ટે મંગળવારે જાતે સંજ્ઞાન લઈને પોતાનો ભારે રોષ અને દિલગીરી વ્યક્ત કરી હતી. જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ નીલા ગોખલેની બેન્ચે રાજકીય નેતાઓની ટિપ્પણીઓ સામે સખત ફટકાર લગાવતા આ બાબતને 'તુચ્છ માનસિકતા' ગણાવી હતી અને બીએમસીને દીયા મિર્ઝાનો ડિલીટ કરાયેલો વીડિયો ફરીથી અપલોડ કરવાનો આદેશ આપ્યો હતો.

અદાલતે ભાજપના નેતાઓ અને મેયર રીતુ તાવડે દ્વારા કરાયેલા વિરોધ સામે કડક વલણ અપનાવતા કહ્યું કે, 'જાહેર પદો પર બેસેલા લોકો પાસેથી આવી અપેક્ષા નહીં હોય. પર્યાવરણ અને હવા-અવાજના પ્રદૂષણ અંગે જાગૃતિ ફેલાવવા બનાવેલા વીડિયોને આવો ધાર્મિક રંગ આપવો તે અત્યંત કમનસીબ છે. પ્રદૂષણની અસર દરેક નાગરિક પર થાય છે, પછી તે ગમે તે ધર્મ કે જાતિનો હોય, એક જ હવામાં શ્વાસ લે છે.'

ઉલ્લેખનીય છે કે બીએમસીએ પ્રદૂષણ મુક્ત દિવાળી ઝુંબેશ માટે માધુરી દીક્ષિત, અજિંક્ય રહાણે સહિત કેટલીક સેલિબ્રીટીઝ સાથે વીડિયો બનાવ્યા હતા જેમાં દીયા મિર્ઝાના વીડિયો પર મુંબઈ ભાજપ અધ્યક્ષ અમિત સાતમના વાંધા અને મેયર રીતુએ દીયાને હિંદુ વિરોધી કહ્યા બાદ બીએમસીએ દીયાનો વીડિયો સોશિયલ મીડિયા પરથી હટાવી દીધો હતો જેની વિરોધ પક્ષો સહિત કેટલાંક લોકોએ ટીકા કરી હતી.

તુષાર કપૂર પાસે લોરેન્સ ગેંગના નામે રૂ. 5 કરોડની ખંડણી મગાઈ

મુંબઈ, તા. 3: બોલિવૂડ એક્ટર તુષાર કપૂરને કથિત રીતે લોરેન્સ ગેંગના સભ્ય હેરી બોક્સરના નામે એક ફોન આવ્યો હતો. ફોન કરનારે 5 કરોડ રૂપિયાની માંગણી કરી છે. તુષાર કપૂરે આ અંગેની જાણ મુંબઈ પોલીસને કરી હતી. ત્યાર બાદ આ કેસની તપાસ એન્ટી-એક્સ્ટોર્શન સેલ અને ક્રાઇમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. ક્રાઇમ બ્રાન્ચની ટેક્નિકલ ટીમે ધમકીભર્યા કોલની ઓડિયો રેકોર્ડિંગની તપાસ કરી હતી. આ પછી તે અવાજને હેરી બોક્સરના સત્તાવાર ઓડિયો સેમ્પલ સાથે સરખાવવામાં આવ્યો હતો. પોલીસના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા મુજબ, બંને અવાજો એકબીજા સાથે મળતા આવતા નથી. આના પરથી પોલીસને શંકા છે કે, આ એક ફેક કોલ હતો. કોઈ વ્યક્તિએ ગેંગના નામે ડર ઊભો કરવાનો પ્રયાસ કર્યો હતો. હવે પોલીસ એ વ્યક્તિની શોધખોળ કરી રહી છે જેણે આ ધમકીભર્યું ઓડિયો રેકોર્ડિંગ મોકલ્યું હતું.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,27,460/-
18 KT 1,04,250/- 14 KT 81,320/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

યુરોપભરની ફ્લાઈટોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ

અંતે અફવા નીકળી, ઈટાલી, પોલેન્ડ અને સ્પેનમાં સુરક્ષા તપાસ અને એરફોર્સની એસ્કોર્ટ વચ્ચે વિમાનોનું સુરક્ષિત લેન્ડિંગ

બર્લિન, તા. 3: મંગળવારે યુરોપભરમાં કેટલીક ફ્લાઈટોને બોમ્બથી ઉડાવી દેવાની કથિત ધમકીઓ મળી હતી, જે અંતે માત્ર અફવા સાબિત થઈ હતી. જોકે, આ ધમકીઓને કારણે સુરક્ષા તપાસ, વિમાનોના રૂટ બદલવા અને એક કિસ્સામાં ઈટાલિયન એરફોર્સ દ્વારા પ્લેનને લેન્ડિંગ સુધી એસ્કોર્ટ કરવાની સ્થિતિ સર્જાઈ હતી. અસરગ્રસ્ત એરલાઈન્સમાં પોલિશ એરલાઈન્સ એલઓટી, સ્કેન્ડિનેવિયન એરલાઈન્સ (એસએએસ) અને રાયનએરનો સમાવેશ થાય છે. આ ઘટનાઓમાં કોઈને ઈજા થઈ નથી.

ઈટાલી: લિસ્બનથી રોમ જતી રાયનએરની ફ્લાઈટમાં બોમ્બ હોવાનો ઈમેલ મળતાં રોમના ફ્યુમિસિનો એરપોર્ટ પર તેનું લેન્ડિંગ કરાવાયું હતું. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ મુસાફરો અને સામાનની તપાસ કરી હતી, પરંતુ કોઈ વિસ્ફોટક મળ્યું નહોતું. આવી જ રીતે ડબલિનથી રોમ આવતી અન્ય એક રાયનએર ફ્લાઈટને પણ ઈટાલીની વાયુસેના દ્વારા એસ્કોર્ટ કરીને ફ્યુમિકિનો લાવવામાં આવી હતી અને સુરક્ષા તપાસ કરાઈ હતી.

પોલેન્ડ: લંડનથી વારસો જતી એલઓટી એરલાઈનની ફ્લાઈટને બોમ્બની ધમકી બાદ વારસોના ચોપિન એરપોર્ટને બદલે મોડલિન એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી. મોડલિન એરપોર્ટ થોડા સમય માટે બંધ કરી તપાસ કરાતાં કશું શંકાસ્પદ મળ્યું નહોતું. આ ઉપરાંત, કોપનહેગનથી ચોપિન એરપોર્ટ આવતી સ્કેન્ડિનેવિયન એરલાઈન્સ (એસએએસ)ની ફ્લાઈટ અંગે પણ ધમકી મળતા એરપોર્ટનો એક રનવે બંધ કરી દેવાયો હતો. જોકે, પ્લેનનું સામાન્ય લેન્ડિંગ થયું હતું અને મુસાફરોને સુરક્ષિત બહાર કઢાયા હતા.

સ્પેન: માન્ચેસ્ટરથી દક્ષિણ સ્પેનના મુર્સિયા એરપોર્ટ આવેલી રાયનએરની ફ્લાઈટમાં પણ ધમકી બાદ તપાસ કરવામાં આવી હતી. સ્પેનિશ અધિકારીઓએ બાદમાં સ્પષ્ટતા કરી હતી કે, વિમાનમાં કોઈ વિસ્ફોટક સામગ્રી મળી નથી. આ ફ્લાઈટમાં ક્રૂ મેમ્બર્સ સહિત 121 લોકો સવાર હતા.

સોમાલિયાના દરિયાકાંઠે ચાંચિયાઓએ હાઈજેક કરેલી બોટ ભારતીય નૌકાદળે છોડાવી

મરીન કમાન્ડો દ્વારા 48 કલાકથી વધુ સમય ચાલ્યું ઓપરેશન

20 ઈરાની નાગરિકોને બચાવવા બદલ ઈરાને ભારત સરકારનો આભાર માન્યો

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): સોમાલિયાના કિનારે ચાંચિયાઓ દ્વારા હાઈજેક કરવામાં આવેલા 'અઝીની' નામના માછીમારી જહાજને 48 કલાકથી વધુ સમય ચાલેલા અત્યંત કટોકટીભર્યા ઓપરેશન બાદ ભારતીય નૌકાદળે સફળતાપૂર્વક મુક્ત કરાવ્યું છે. આ બોટ પર સવાર 20 ઈરાની ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.

ગયા મહિને સશસ્ત્ર ચાંચિયાઓએ આ જહાજનું અપહરણ કર્યું હતું. નૌકાદળે જણાવ્યું હતું કે ચાંચિયાઓ આ જહાજનો ઉપયોગ વેપારી જહાજો પર વધુ હુમલા કરવા માટે 'મધર શિપ' તરીકે કરે તેવી શક્યતા હતી, જે દરિયાઈ સુરક્ષા માટે મોટો ખતરો હતો. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ભારતીય નૌકાદળે દરિયાઈ ગશ્તી વિમાન અને મિશન-ડિપ્લોયડ યુદ્ધ જહાજને કામગીરીમાં જોડ્યા હતા.

ચીનની પ્રથમ એઆઈ-જનરેટેડ ફિલ્મ ફ્લોપ ગઈ

બેઇજિંગ, તા. 3: ચીનની પ્રથમ સંપૂર્ણ એઆઈ-જનરેટેડ મૂવી બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ છે. તેના નિર્માતાના જણાવ્યા અનુસાર, તેને બનાવવાનો ખર્ચ દસ મિલિયન ડૉલર થયો હોવા છતાં તેણે બોક્સ ઓફિસ પર માત્ર 1.7 મિલિયન યુઆન (191,000 પાઉન્ડ)ની જ કમાણી કરી છે. પરંતુ શું આ ફિલ્મ સારી છે? ગાર્ડિયન અખબારે બેઈજિંગના લગભગ ખાલી સિનેમાઘરમાં 'સાનક્સિંગડુઈ: ફ્યુચર પાસ્ટ' જોઈ અને જાણ્યું કે આ ફિલ્મ માનવ-નિર્મિત મૂર્ખામીયુક્ત એક્શન ફિલ્મો કરતાં કોઈ રીતે ખરાબ નથી.

(મસ્જીદ ખરોડ/મદ્રેસા ખરોડ) મોજે : ખરોડ, તા.અંકલેશ્વર, જીલ્લાઃ ભરૂચ
ગુજરાત રાજય વકફ બોર્ડ રજીસ્ટ્રર નંબર : બી-૫૧૧ તથા બી-૫૩૭ પદર ફળીયુ, ખરોડ, અંકલેશ્વર, ખરોડ, ભરૂચ-૩૯૪૧૧૫.

તા. ૦૩/૧૧/૨૦૨૬

ગુજરાત રાજય વકફ બોર્ડના વકફ અધિનિયમ કલમ ૫૬ અને વકફ પ્રોપર્ટી લીઝ ૨૦૧૪ (સુધારા) ૨૦૨૦ ના નિયમ-૫ હેઠળ વકફની મિલકત ભાડાપટ્ટે આપવા અંગેની જાહેરાત.
વકફનું નામ : મસ્જીદ ખરોડ, બી-૫૧૧, ભરૂચ /મદ્રેસા ખરોડ, બી-૫૩૭
વકફનું સરનામુ : પદર ફળીયુ, ખરોડ, અંકલેશ્વર, ખરોડ, ભરૂચ-૩૯૪૧૧૫.

મોજે	જુનો રેવન્યુ સર્વે નં. નંબર	જુનો બ્લોક નંબર	નવો બ્લોક નંબર	ખાતા નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)	હેતુ	જંત્રી મુજબ માસિક ભાડાનીઅપસેટ વેલ્યુ રૂા.	ભાડેપટ્ટે આપવાના વર્ષ	અન્ય
નાના બોરસરા તા.માંગરોલ જી.સુરત	૨૪૩	૨૨૭	૧૮૮	૨૦૪	૬૬૭૧	વાણીજય/ ઔદ્યોગિક	૧૭૦૦૦/-	૩૦	હાલ જે સ્થિતીમાં છે તે સ્થિતમાં ભાડેપટ્ટે આપવાની છે.
	૨૪૪	૨૨૮	૧૮૬	૧૮૧	૧૧૬૬૮	વાણીજય ઔદ્યોગિક	૨૫૦૦૦/-	૩૦	હાલ જે સ્થિતીમાં છે તે સ્થિતમાં ભાડેપટ્ટે આપવાની છે.

ઉપર દર્શાવેલી જમીન મસ્જીદ ખરોડ, બી-૫૧૧, તથા મદ્રેસા ખરોડ, બી-૫૩૭ ભરૂચ વકફ સંસ્થાની માલિકીની છે તે મિલકત હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ૩૦ વર્ષ માટે વાણીજય/ઔદ્યોગિક હેતુ માટે ઉકત કોષ્ટકમાં દર્શાવેલ મિલકત ભાડાપટ્ટે આપવાની હોય, ઇચ્છા ધરાવનાર ઇસમો/સંસ્થાઓ પાસેથી સીલ બંધ વરમાં ભાવ મંગવવામાં આવેલ છે. સીલ બંધ કવેર રજીસ્ટ્રર પોસ્ટ એડીથી તારીખ : ૧૦/૧૧/૨૦૨૬ સુધીમાં ઉપરોકત સરનામે ટ્રસ્ટને મળી જવા જોઇએ. અન્ય રીતે મળેલા ભાવપત્રકો વિચારણામાં લેવામાં આવશે નહીં. ટેન્ડર સાથે ઇ.એમ.ડી. રૂા.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરાનો વકફ સંસ્થાની ૭+૧૨ (મસ્જીદ ખરોડ, મદ્રેસા ખરોડ) મુજબના નામનો ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકમાં ભરવાનો રહેશે. અન્ય કોઇ રીતે ભરેલી રકમવાળા ભાવો વિચારણામાં લેવામાં આવશે નહીં. તારીખઃ ૧૩/૧૧/૨૦૨૬ ના રોજ ટ્રસ્ટી મંડળની બેઠકમાં પક્ષકારોની રૂબરૂમાં ભાવપત્રકો ખોલવામાં આવશે અને સૌથી વધુ ભાવ ભરનારને ભાડેથી આપવા બાબતે વકફ સંસ્થા દ્વારા ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગર સમક્ષ વિગતવાર દરખારત કરવામાં આવશે. તે અંગે ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે.

મુતવલ્લી મંડળ વતી
મુખ્ય મુતવલ્લીની સહી અને સરનામું

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીક્ટ, ઓલપાડ સબ-ડીસ્ટ્રીક્ટના **મોજે ગામ : પીંજરતની** સીમમાં સર્વે નં. ૧૩૮/૧, ૧૩૮/૨, જેનો **બ્લોક નં. ૩૮૭/૪** થી નોંધાયેલી જુની શરતની જમીન ચાલી આવેલી છે. જેનું ક્ષેત્રફળ ૦ હેક્ટર ૩૨ આરે ૩૭ સ.ચો.મીટર છે અને આકાર રૂા. ૩-૪૯ પૈસા છે, તે ખેડખાતાની પિયતવાળી જમીન **(૧) સુમનબેન તે નગીનભાઈ પટેલની વિધવા, (૨) સુરેશભાઈ નગીનભાઈ પટેલ, (૩) સુશીલાબેન સુભાષભાઈ પટેલ તે નગીનભાઈની પુત્રી, (૪) નયનાબેન જગદીશભાઈ પટેલ તે નગીનભાઈની પુત્રી (૫) શશીકલાબેન તે વિનોદભાઈની વિધવા (૬) બાદલકુમાર વિનોદભાઈ પટેલ (૭) જાનુકુમારી વિનોદભાઈ પટેલ**નાઓની સંયુક્ત માલિકીની તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને મારા અસીલ મુદત વિત્યે સદર જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી ઉપર જણાવેલ જમીનમાં અન્ય કોઇના કોઇપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક-હિસ્સો, હિત-સંબંધ યા લિયનના હક્કો યા અન્ય કોઇના રસ્તા વપરાશના ઈઝમેન્ટના હક્કો યા બેંક-મંડળી, સંસ્થા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ કોઇને વાંધો હોય તો તેમણે લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધિથી દિન-૭ માં મને નીચેના સરનામે લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઇ હક્ક, વાંધા રજુ થશે નહીં તો કોઇના હક્ક દાવા વિગેરે નથી, અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની મારા અસીલ સદર જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઇના કોઇપણ વાંધા કે તર-તકરાર ચાલશે નહીં. જેની નોંધ લેશો.

સરનામું : લુપ્રીત આર્કેડ, ત્રીજા માળે, પેટ્રોલ પંપની બાજુમાં, ઓલપાડ મેઈન રોડ, મુ.પો.તા. ઓલપાડ, જિ.સુરત. મો. ૯૮૨૫૨ ૭૪૨૮૧ (તા. ૦૪/૧૧/૨૦૨૬)

ભગવતીભાઈ પી. પટેલ
જયદેવસિંહ સી. ઠાકોર
દક્ષાબેન બી. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ્સ એન્ડ નોટરીઝ



"લાંબા અંતરના પરિવહનને" LNG ના ઉપયોગ દ્વારા સ્વચ્છ અને હરિયાળું બનાવવા અને "વિકસિત ભારત"ની પરિકલ્પનાને સાકાર કરવા ગુજરાત એનર્જી લિમિટેડ (GEL)નું અગ્રિમ કદમ

ફ્રેન્ચાઇઝી મોડેલ અંતર્ગત નીચે દર્શાવેલ સ્ટ્રેચ* પર LNG સ્ટેશન સ્થાપવા રસ ધરાવતા ઇચ્છુક અરજદારો GELના અધિકૃત પોર્ટલ પર જઈ ઓનલાઇન અરજી કરી શકે છે.

જીલ્લો	પ્રસ્તાવિત સ્ટ્રેચ (પોર્ટલમાં દરેક સ્ટ્રેચ માટે દર્શાવેલ કોઓર્ડિનેટ્સની મર્યાદામાં)	જે તે સ્ટ્રેચમાં LNG સ્ટેશનોની સંખ્યા
કચ્છ (ગુજરાત)	પ્રાગપરથી ગાંધીધામ તરફ NH41 (હાઇવેની ડાબી બાજુ)	1
અમદાવાદ (ગુજરાત)	સાણંદ GIDC ગેટ નં. 2થી છારોડી તરફ SH17 (હાઇવેની ડાબી બાજુ)	1
અમદાવાદ (ગુજરાત)	લિંબડી – બાવળા વચ્ચે NH47 (હાઇવેની બન્ને બાજુ)	1
ભરૂચ (ગુજરાત)	દહેજથી ભરૂચ તરફ SH6 (હાઇવેની ડાબી બાજુ)	1
સુરત (ગુજરાત)	સચિન – પલસાણા – એના તરફ NH53 (હાઇવેની ડાબી બાજુ)	1
પાલઘર (મહારાષ્ટ્ર)	ઢેકાલેથી ચિલ્હાર તરફ NH48 (હાઇવેની બન્ને બાજુ)	1

અરજી કરવા સ્કેન કરો
ઓનલાઇન અરજી કરવાની અધિકૃત લિન્ક
https://lngeoi.gujarat-energy.com/
અરજી કરવાની છેલ્લી તારીખ
31 ડિસેમ્બર, 2026
*નિયમો અને શરતો લાગુ